ઇ-ગ્રામ પંચાયતોના ડીજીટલ
ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:આઇટીપી/૧૦૨૦૧૮/ડીજીટલ ટ્રાન્ઝેક્શન/આઇટી
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૨/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૨૯/૧૨/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: આઇટીપી/વી.સી.ઇ./ડીજીટલ ટ્રાન્ઝેક્શન/ ૨૦૧૭-૧૮

(૨) ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ૩૩મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલની તા.૦૫/૦૨/૨૦૧૯ ની મીટીંગથી મળેલ મંજુરી.

પરિપત્ર:-

ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અધતન, સુવ્યવસ્થિત, સમયબધ્ધ, સરલ, ઝડપી બનાવવા રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ઇ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૪૦૦૬ ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર્સ અને તેને આનુષાંગિક સાધનસામગ્રી,જરૂરી સોફ્ટવેર તેમજ બ્રોડબેન્ડ ઇ-કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી. મોડલના આધારે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક(વી.સી.ઇ.) જોડાયેલા છે. ઇ-ગ્રામ પંચાયતો ખાતેથી ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા વિવિધ G2C અને B2C, ઇ-સેવાઓ જેવી કે, જન્મ-મરણ પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર, આવકના દાખલા, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવે રહેલ છે.

ગ્રામ પંચાયતોમાં ડીજીટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે વી.સી.ઇ.ને પુરસ્કાર આપવા અંગે વંચાણે લીધા (૧)થી પરિપત્ર કરવામાં આવેલ છે. ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ૩૩મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલની મીટીંગમાં મળેલ મંજૂરી અન્વયે આ બાબતે વર્ષ-૨૦૧૯થી નીચે મુજબનો આંશિક ફેરફાર કરવામાં આવેલ છે.

૧. જે ગ્રામ કોમ્પ્યુટર સાહસિકે ઓછામાં ઓછું માસિક રૂ.૨,૫૦૦/-નું B2C બિઝનેસ ટ્રાન્ઝેક્શન કરેલ હશે તે તાલુકા લેવલની પ્રોત્સાહક યોજના માટે લાયક ગણવામાં આવશે.

૨. જે ગ્રામ કોમ્પ્યુટર સાહસિકે ઓછામાં ઓછું માસિક રૂ.૧૫,૦૦૦/-નું B2C બિઝનેસ ટ્રાન્ઝેક્શન કરેલ હશે તે જીલ્લા કક્ષાની પ્રોત્સાહક યોજના માટે લાયક ગણવામાં આવશે.

૩. રાજ્ય કક્ષાએથી પુરા પાડવામાં આવેલ માસિક/વાર્ષિક એમ.આઇ.એસ. રીપોર્ટના આધારે તાલુકા/જીલ્લા કક્ષાએ માસ દરમ્યાન સૌથી વધુ ટ્રાન્ઝેક્શન કરનાર પ્રથમ ત્રણ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને તથા રાજ્ય કક્ષાએ વર્ષ દરમિયાન સૌથી વધુ ટ્રાન્ઝેક્શન કરનાર જનરલ, બેકવર્ડ અને ટ્રાયબલ કેટેગરીના પ્રથમ ત્રણ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને ઉપલબ્ધ ફંડમાંથી નીચે દર્શાવેલ વિગતે પ્રોત્સાહક રકમ ચુકવવામાં આવશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.૧,૦૦૦/-) | દ્વિતીય ઇનામ (રૂ.૫૦૦/-) | ત્રીજું ઇનામ (રૂ.૨૫૦/-) | થનાર કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | તાલુકા દીઠ (માસિક) | રૂ.૨૯,૬૪,૦૦૦/- | રૂ.૧૪,૮૨,૦૦૦/- | રૂ.૭,૪૧,૦૦૦/- | રૂ.૫૧,૮૭,૦૦૦/- |
| ૨ | જીલ્લા દીઠ (માસિક) | પ્રથમ ઇનામ (રૂ.૨,૫૦૦/-) | દ્વિતીય ઇનામ (રૂ.૧,૫૦૦/-) | ત્રીજુ ઇનામ (૧,૦૦૦/-) | થનાર કુલ ખર્ચ |
| | | રૂ.૯,૯૦,૦૦૦/- | રૂ.૫,૯૪,૦૦૦/- | રૂ.૩,૯૬,૦૦૦/- | રૂ.૧૯,૮૦,૦૦૦/- |
| ૩ | રાજ્ય (વાર્ષિક) (જનરલ, બેકવર્ડ અને ટ્રાયબલ) | પ્રથમ ઇનામ (રૂ.૨૦,૦૦૦/-) | દ્વિતીય ઇનામ (રૂ.૧૫,૦૦૦/-) | ત્રીજુ ઇનામ (૧૦,૦૦૦/-) | થનાર કુલ ખર્ચ |
| | | રૂ.૬૦,૦૦૦/- | રૂ.૪૫,૦૦૦/- | રૂ.૩૦,૦૦૦/- | રૂ.૧,૩૫,૦૦૦/- |
| | | | | કુલ ખર્ચ | રૂ.૭૩,૦૨,૦૦૦/- |

૪. તદુપરાંત, વર્ષ ૨૦૧૯ થી કેલેન્ડર વર્ષમાં કરેલ બિઝનેસ ટ્રાન્ઝેક્શનનાં આધારે દરેક જીલ્લાનાં પ્રથમ ત્રણ વિજેતાઓને વાર્ષિક જીલ્લા એવોર્ડ નીચેની વિગતે આપવામાં આવશે. જેનું ઇનામ વિતરણ દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ જિલ્લા પંચાયત કક્ષાએથી કરવાનું રહેશે.

| સ્થાન | પ્રાઇઝ રકમ (રૂપિયા) | કુલ સંખ્યા | ટોટલ ખર્ચ(રૂપિયા) |
|---|---|---|---|
| પ્રથમ | ૮૦૦૦/- | ૩૩ | ૨,૬૪,૦૦૦/- |
| દ્વિતીય | ૬૦૦૦/- | ૩૩ | ૧,૯૮,૦૦૦/- |
| ત્રીજુ | ૪૦૦૦/- | ૩૩ | ૧,૩૨,૦૦૦/- |
| | | ટોટલ | ૫,૯૪,૦૦૦/- |

૫. રાજ્યની જિલ્લા પંચાયતોએ તેમના જિલ્લાની તમામ ઇ-ગ્રામ પંચાયતોના ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને આ બાબતે માહિતગાર કરવા તથા દર માસે તમામ તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને ચુકવવાની થતી રકમ સોસાયટીમાંથી ફાળવવામાં આવનાર ગ્રાન્ટમાંથી ચુકવણી કરવાની રહેશે. તેમજ રાજ્ય કક્ષાએ તમામ જિલ્લામાંથી સૌથી વધુ ટ્રાન્ઝેક્શન કરનાર ગ્રામ કોમ્પ્યુટર સાહસિક પૈકી કેટેગરીવાઇઝ (જનરલ, બેકવર્ડ અને ટ્રાયબલ) પ્રથમ ત્રણ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને વર્ષમાં એક વખત ઇનામ આપવાનું હોઇ, વર્ષના અંતે કેટેગરીવાઇઝ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા કરેલ કામગીરી અંગેની વિગતો મોકલી આપવાની રહેશે.

(મનીષ મોદી)
નાયબ સચિવ (આઇ.ટી.) અને
ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, ઇજીવીજીએસ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી.....જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે

<u>નકલ સવિનય રવાના</u>:-

- ચેરમેનશ્રી, ઇસી, ઇજીવીજીએસ અને અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.